જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૬/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૩૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૨૯૮ લીટર દેશી દારૂ, ૧૨૬૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫ બીયર ટીન, ૦૪ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૨૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૩૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૩૨/૨૦૨૬**

રામોલઃ નીરવભાઈ ભરતભાઇ પટેલ (ઉ.વ.૩૩)(રહે.વેદશ્રી ફ્લેટ, બાપા સીતારામ ચોક, વસ્ત્રાલ) એ તા.૧૩/૦૬/૨૦૨૬ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રિલ/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાલ બાપા સીતારામ ચોક ખાતે આરોપી (૧) ભાવીન પટેલ (રહે.માણસા) (૨) સંજય રાજેન્દ્રભાઇ પટેલ (રહે.ન્યુ રાણીપ) અને (૩) કિરણ રામ મખીજા નાઓએ ભેગામળી નીરવભાઇ પટેલને ધંધા માટે પર્સનલ લોન લેવાની હોઇ તેમણે સંજય રાજેન્દ્રભાઇ પટેલનો સંપર્ક કરતા તેમણે લોનનુ કામ કરતા તેમના મિત્ર ભાવીન પટેલ નાઓનો સંપર્ક કરાવી આપી, "આ ભાવીન લોન કરી આપશે" તેમ કહી અને લોન ન થાય તો લોન પેટે જે પૈસા આપશો તે પરત અપાવવાની જવાબદારી સંજયભાઇએ પોતે લીધા બાદ આરોપી ભાવીનભાઇએ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/– ની પર્સનલ લોન કરાવવાની નીરવભાઇને લાલચ આપી, વકીલની ફી પેટે, આઇ.ટી રીટર્નની ફાઇલ બનાવના પેટે તથા ટોકન પેટેની અલગ–અલગ ફિ ના કુલ રૂપિયા ૧,૫૩,૦૦૦/– ભાવીનભાઇએ પોતાના બેંક ખાતામાં તેમજ કિરણ રામ મખીજા નામના માણસના બેન્ક ઓફ બરોડા બેંકના ખાતામા રૂપિયા જમા કરાવવડાવી આજદિન સુધી રૂપિયા પરત નહી આપી નીરવભાઇ પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.ચૌધરી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૮૩૩/૨૦૨૬**

સાબરમતીઃ જીતેન્દ્રભાઇ ભવરલાલ જોશી (ઉ.વ.૫૦)(રહે.આશાપુરણ સોસાયટી, ગીતાંજલીનગર અંબાજી મંદીર પાસે, ડી–કેબીન સાબરમતી) એ તા.૧૩/૦૬/૨૦૨૬ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૬/૨૦૨૬ સવારના ૭/૩૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાની તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૯૫,૦૦૦/– મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી